અપીલ અરજી નં.૨૫૯ તા.૧૫–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૦–૦૮ની અરજીથી ભરીમાતા ફુલવાળી વિસ્તારમાં રીવરવ્યુ સોસા.માં પ્લોટ એ/૨૨,૨૩,૨૪ બી/૩૧ વાળી જગ્યા પર થયેલા બાંધકામ કેટલા માળના અને ગેરકાયદે બાંધકામ કેટલા તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૫–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૯/૨૦૦૮–૦૯

## ફરીયાદની હકીકતઃ–

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૦–૦૮ની અરજીથી ભરીમાતા ફુલવાળી વિસ્તારમાં રીવરવ્યુ સોસા.માં પ્લોટ એ/૨૨,૨૩,૨૪ બી/૩૧ વાળી જગ્યા પર થયેલા બાંધકામ કેટલા માળના અને ગેરકાયદે બાંધકામ કેટલા તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટઓફિસરને તા.૧૫–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૪ તા.૧૮–૧૨–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી કોઈ વિગતો મળેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ કલમ–૮ કે ૧૧ હેઠળ ઉપસ્થિત કરી જણાવવામાં આવેલ નથી.

અરજદારે તેમની મુળ અરજીથી વિષયમાં નિર્દિષ્ટ મિલ્કત બાબતે ૧ થી ૫ મુદ્દામાં બાંધકામના પ્લાન કયારે પાસ થયા અને કેટલા માળના?, કેટલા માળની પરવાનગી આપવામાં આવી?, સોસાયટીમાં સીઓપીની જમીન કેટલી અને તેનો સર્વે નંબર સોસાયટીમાં ગેરકાયદેસર બાંધકામ કેટલા તથા સોસાયટીમાં રોડ કેટલા ફુટનો છે અને હાલ કેટલા ફુટ પહોળા છે તેની માહિતી માંગેલ. જે નિયત સમય અવધિમાં નહીં મળતાં તા.૧૫–૮–૦૮ ના રોજ અપીલ કરી તેઓને માહિતી પૂરી પાડવા તથા આરટીઆઈના ભંગ સબબ જવાબદાર અધિકારી સામે પગલા ભરવા રજુઆત કરેલ.

## <u>***હુકમ***</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મૂળ અરજીથી માંગેલ માહિતી નિયત સમય અવધિ બાદ અને અપીલના સંદર્ભ પછી પણ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ અરજદારે માંગેલ માહિતી વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

આરટીઆઈ કાયદાના ભંગ સબબ કાયદાની કલમ–૨૦ હેઠળ પગલા લેવાની સત્તા નામદાર ગુજરાત માહિતી આયોગને હોઈ અત્રેથી તે અંગેની કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)....જાણ તથા અમલ માટે
(૨) ગુલામભાઈ મેમણ,